Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

## Shree Atmanand Prakash



## श्री आत्मानंद प्रकाश

ईश्वरं श्रद्दधानस्य कर्मसिद्धान्तवेदिनः ।
विषादार्तं मनो मा भूत् तव दुःख उपस्थिते ॥

તને ઇશ્વરમાં શ્રદ્ધા છે અને કર્મના સિદ્ધાંતને તું જાણે છે,
માટે દુઃખ આવતાં વિષાદગ્રસ્ત ન થા.

You have faith in God and know the Karma-philosophy,
So be not dejected or grieved at the approach of distress.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૧ | વૈશાખ | આત્મ સંવત : ૯૮ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૦ |
| અંક : ૭ | જુન-૯૪ | વિક્રમ સંવત : ૨૦૫૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી ભાવનગર ચૈત્યપરિપાટી સ્તવન | પૂ. આ. વિજયવલ્લભસૂરીજી | ૫૭ |
| ૨ | પાપ અને પશ્ચાત્તાપ | (સ્વ) મહેતા મનસુખલાલ તારાચંદ | ૫૯ |
| ૩ | શેઠના ઘરની લક્ષ્મી | અનુ· શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા | ૬૩ |
| ૪ | હિન્દી વિભાગ | | |
| ૫ | થોડુક મનનીય | સંગ્રાહક : અનંતરાય જાદવજી શાહ | ટા.-૩ |


## નવા પેટ્રન સભ્યશ્રીની યાદી

૧ શ્રી નવિનચંદ્ર બાબુલાલ ગાંધી — અમદાવાદ

૨ શ્રી ધર્મેન્દ્રભાઇ બાબુલાલ ગાંધી — અમદાવાદ

૩ ભુપેન્દ્રભાઇ બાબુલાલ ગાંધી — અમદાવાદ

## નવા આજીવન સભ્યની યાદી

૧ શ્રી પંકજકુમાર મણીલાલ સંઘવી — મુંબઇ

૨ શ્રીમતિ વિભાબેન કનૈયાલાલ શાહ — થાણા : મુંબઇ
(c/o. ડૉ. કે. ડી. શાહ)

૩ શ્રી મીતલકુમાર કાન્તિલાલ શાહ — ભાવનગર

૪ શ્રીમતિ રંજનબેન હિંમતલાલ શાહ — ભાવનગર

૫ શ્રીમતિ અરૂણાબેન ડાયાલાલ શાહ — ભાવનગર

## શોકાંજલિ

શ્રી ધરણીધરભાઇ ખીમચંદભાઇ શાહ-કોળીયાકવાળા (ઉ. વ. ૬૫) મુંબઇ મુકામે તા. ૨૫-૫-૯૪ બુધવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મીક વૃત્તીવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેમજ દરેક ધાર્મીક સંસ્થાઓમાં પણ ખુબ સારી સેવા આપતા હતા અને દરેક ધાર્મીક અથવા કોઇપણ પ્રવૃતિમાં ખુબ જ સારો સાથ અને સહકાર આપતા હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો ઉંડી સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.


લી.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિડરવક્તા પ. પૂ. શાસનપ્રભાવક આ. મ. શ્રી વિજય મેરૂપ્રભસૂરીશ્વરજી મ. સા.નો સ્વર્ગવાસ




પ. પૂ. શાસનસમ્રાટ્ આ. મ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર પ. પૂ. ગીતાર્થશિરોમણી આ. મ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર પ. પૂ. શાસનપ્રભાવક આ. મ. શ્રી **વિજય મેરૂપ્રભસૂરીશ્વરજી** મ. સા. અમદાવાદ મુકામે જેઠ શુદ ૧૨ ને સોમવાર તા. ૨૦-૬-૯૪ના સાંજના ૬-૦૦ વાગે અપૂર્વ સમાધિ સાથે કાળધર્મ પામ્યા છે.

તેઓ પૂજ્યશ્રીનો ભાવનગર સંઘ ઉપર અનન્ય ઉપકાર છે. શાસનસમ્રાટ્ સમુદાયના તેઓશ્રી અગ્રણી પુણ્ય પુરૂષ હતા. જન્મે જૈન ન હોવા છતાં ધર્મિષ્ઠ કુટુંબના પરિચયમાં આવતા ૨૩ વર્ષની ભર યુવાન વયે દીક્ષા ગ્રહણ કરી હતી. ગુરૂ નિશ્રામાં રહી જ્ઞાન-ધ્યાન-તપની સાધના કરી વિદ્વાન બની આચાર્યપદ પ્રાપ્ત કરી શ્રી જિનશાસનની અનેકવિધ પ્રભાવના અને ભક્તિકાર્યો કરી પોતાના જીવનને ધન્ય બનાવ્યું હતું. સ્પષ્ટ વક્તા હોવા છતાં તેઓશ્રીનું હૃદય સર્વ માટે પ્રેમાળ રહેતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૮૮ વર્ષના જીવન સમય દરમ્યાન અંજનશલાકા-પ્રતિષ્ઠા-ઉપધાન-ઉજમણા તથા છ'રિપાલિત સંઘો અને અનેક મુમુક્ષોઓને દીક્ષા પ્રદાનના વિવિધ ધર્મમય કાર્યો તેમના હસ્તે થયા છે. તેઓના હસ્તે ગણિ-પંન્યાસ-ઉપાધ્યાય અને આચાર્યપદ પ્રદાનના કાર્યો પણ થયા છે. ગુજરાત-મહારાષ્ટ્ર અને રાજસ્થાનના શ્રી સંઘો માટે તેઓ પોતાની આગવી શક્તિથી માર્ગદર્શક બન્યા હતા. ૬૬ વર્ષની સંયમ સાધના દરમ્યાન છેલ્લા લગભગ બાર માસથી રોગનો પ્રતિકાર કરવામાં તેઓશ્રીની સમતા અનુમોદનીય હતી.

તેઓશ્રીના અંતિમ દર્શને ભાવનગર જૈન શ્રી સંઘના બે હજાર જૈન-જૈનેતરો ભાવનગરથી અમદાવાદ પહોંચી ગયા હતા અને પોતાના ઉપકારી પુણ્ય પુરૂષને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. ભાવનગરમાં બીજે દિવસે જૈનોએ પોતાના કામકાજ-દુકાનો બંધ રાખી પૂજ્યશ્રી પ્રત્યે પોતાનો આદર-ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. પૂજ્યશ્રીના કાળધર્મથી શ્રી સંઘને વર્ષો સુધી ન પૂરાય તેવી ખોટ પડી છે.

તેઓશ્રીનો આત્મા જ્યાં હોય ત્યાં પરમાત્માનું શાસન પામે, સાધના કરે અને પ્રત્યક્ષ પરમપદ પામે તેવી અમો ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ....

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

લી.

ભાવનગર
તા. ૨૨-૬-૯૪

શ્રી જૈન આત્માનંદ સભાના
વ્યવસ્થાપક કમિટીની
કોટિ કોટિ વંદના....



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી. આત્માનંદ પ્રકાશ

સંપાદક : **શ્રી હિંમતલાલ અનોપચંદ** મોતીવાળા


## શ્રી ભાવનગર ચૈત્યપરિપાટી સ્તવન

રચયિતા : **આચાર્યદેવેશ વિજયવલ્લભસૂરીશ્વરજી**

( ચાલ–ઋષભ જિનન્દ વિમલગિરિ મંડન )

જય જિનવર તીર્થંકર સ્વામી, કેવલી અર્હંન સુખકારા;
નામિયે નિશદિન ભવિ, નમન સે મંગલ મેં મંગલચારા. અં૦

ભાવનગર બંદર કે અંદર, મંદિર જિનવર હિતકારા;
કીજે શુભ ભાવે, ચૈત્ય જિન પરિપાટી આનન્દકારા. ૧

મંદિર મ્હોટા મન હરનારા, ભર બાજાર ચમકે ભારા;
દરબારી ટાવર, નિકટ મેં કરતા હૈ ટં ટં કારા. ૨

મંદિર અંદર પાંચ હૈ સુન્દર, પાંચ અનુત્તર સમધારા;
પંચમ ગતિ પાવે, કરે ભવી પાંચ અંગ સે નમુકારા. ૩

મૂલનાયક લાયક સુખદાયક, ક્ષાયક નિજ ગુણ અવધારા;
આદિ જિન સ્વામી, ધ્યાન સે હોવે ભવિ ભવદધિ પારા. ૪

શાંત રૂપધારી પ્રભુ શાંતિ, જગ શાંતિ કે કરતારા;
નમે શાંતિ ભાવ સે, વરે નિજ રૂપ શાંત ભવિજન પ્યારા. ૫

જગદભિનન્દન નાથ જિનેશ્વર, અભિનન્દન જિન હિતકારા;
અભિનન્દન સેવે, ઉસે અભિનન્દન દેવે જગ સારા. ૬

પુરિસાદાની પાર્શ્વ જિનેશ્વર, પારસ સમ ઉપમાધારા;
ફરસે શુદ્ધ ચેતન, કનક સમ નિર્મલ રૂપ અલંકારા. ૭

ચઉબીસ જિન પ્રતિબિમ્બ સુહાવે, ચઉબીસ જિન ચરનન સારા;
દંડક ચઉબીસે, નિવારણ કારણ નમતે નર નારા. ૮

થોડી દૂર બાજાર કિનારે, મંદિર ગૌરવ ધરનારા;
ચલતી હૈ પેઢી, જહાં શ્રીસંઘ તરફ સે સાહુકારા. ૯

તપ

જપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂલનાયક પાયક ધરણીંદર, સાયક દૂર કિયે મારા;
ગૌડી પારસ જિન, નમો નિત ભાવ ભગત ભવજલ તારા. ૧૦
સોલહ હી ઉપસર્ગ કો સહતે, સોલ કષાય કે હરનારા;
પ્રભુ સોલમાં શાંતિનાથ, જગસાથ મેં શાંતિ પ્રગટકારા. ૧૧
ગ્યારમા શ્રી શ્રેયાંસનાથ જી, ગ્યારહ પરીષહ હરનારા;
ગ્યારહ જિન ભાવે, સહન કરી નિઃશ્રેયસ પદ ધરનારા. ૧૨
ચરમ શરીરી ચરમ જિનેશ્વર, શાસન ચરમ પ્રભુ ધારા;
સેવક તુમ સેવા, કરત નિત શિવ સુખ ફલ લેવનારા. ૧૩
શ્રી ગૌતમસ્વામી જગનામી, ધામી લબ્ધિ ભંડારા;
પ્રાતઃ તુમ નામે, સુખી હોવે નરનારી જગ સારા. ૧૪
વડવા મેં મંદિર વડપન મેં, શોભા મેં સબ સે ન્યારા;
વડભાગી ભેટે, બડા ફલ પાવે નાવે સંસારા. ૧૫
અષ્ટમ શ્રી જિન ચન્દ્રપ્રભુજી, અષ્ટ કરમકો હરનારા;
અષ્ટમી ગતિ દાતા, અષ્ટ ગુણ નિજ આતમ સિદ્ધ કરનારા. ૧૬
બ્રહ્મચારી પ્રભુ નેમિ નિરંજન, જગજીવન રંજનહારા;
જસવન્દન પૂજન, કરત નિજ હિત કારણ ભવી નર નારા. ૧૭
દાદાવાડી નગર કિનારે, સુન્દર મંદિર દિલદારા;
યાત્રુજન દેખી, અતિશય ઠરતા હૈ તન મન સારા. ૧૮
શાસન નાયક વીર જિનેશ્વર, જ્ઞાતનન્દન જગ સુખકારા;
ચંદન પ્રભુ કીજે, મિટે ઝટ જનમ જનમ કા દુઃખ ભારા. ૧૯
પાસ ટરા પ્રભુ પાસ જિનેશ્વર, પાસ ભવી ટાકનહારા;
જો પાસ નિરંતર કરત હૈ વાસ, આસ પૂરણકારા ૨૦
સોહે તીન ગુરુ પાદુકા, મુક્તિવિજય ગુરુ ઉપકારા;
શ્રી બુદ્ધિવિજયજી, ચરણ કિંકર ગંભીરવિજય પ્યારા. ૨૧
વિજયાનન્દ સૂરીશ્વર તપગચ્છ, નાયક શિષ્ય પ્રથમ સારા;
શ્રી લક્ષ્મીવિજયજી, સીસ ગુરુ હર્ષવિજય વલ્લભ ધારા. ૨૨
વીર નિધિ યુગ વેદ યુગલ મેં, આશ્વિન સુદિ છટ વિધુવારા;
માણેક માસ્તર કી, પ્રેરણા વલ્લભ હર્ષ નહીં પારા. ૨૩
હોશિયારપુર પંજાબ દેશ મે, સ્વર્ણ મંદિર જિન જયકારા;
આતમ લક્ષ્મી પ્રભુ, ગાયા ગુણ હર્ષ અતુલ વલ્લભ ધારા. ૨૪

જ્ઞાન દર્શન

For Private And Personal Use Only

# પાપ અને પશ્ચાત્તાપ

શીલધર્મની રત્ન કથાઓમાંથી....





લેખક : (સ્વ.) મહેતા મનસુખલાલ તારાચંદ

ઘણાં વર્ષો પહેલાંની વાત છે.

એક ગામડામાં બે ભાઇઓ રહેતા હતા. સ્ત્રી વર્ગમાં દેરાણી-જેઠાણી સિવાય કોઇ ન હતું. બંનેની આર્થિક સ્થિતિ સામાન્ય, પણ મહેનત કરી સુખ અને શાંતિપૂર્વક પોતાનો નિર્વાહ ચલાવતા.

મોટાભાઇની પત્નીનું નામ મમતા હતું અને નાનાભાઇની પત્નીનું નામ સમતા હતું. મમતા ગરીબ કુટુંબમાંથી આવેલી હતી, ત્યારે સમતાનાં માબાપ સુખી હતાં અને તેનું કુટુંબ પણ સંસ્કારી હતું.

સમતા સ્વભાવે સંસ્કારી તેમજ સહનશીલ હતી. અધિકારની દૃષ્ટિએ મમતા જેઠાણી હતી, એટલે ઘરમાં બધું ચલણ મમતાનું હતું. રસોઇ અને ઘરકામનો બધો બોજ સમતા ઉપર હતો, અને મમતાને ભાગે તો દેખરેખ રાખવાનું અને પટલાઇ કરવાનું કાર્ય હતું. કામકાજના અભાવે તેમજ આખો દિવસ બેસી રહેવાના કારણે મમતા આળસુ અને આરામશીલ બની ગઇ. ધીમે ધીમે ઘરનાં બધા કામનો બોજો સમતા પર આવ્યો અને તેણે તે કુશળતાપૂર્વક ઉપાડી લીધો.

સમતાની ઉપર તમામ કામનો બોજો હોવા છતાં, બહારથી મમતા પોતે જ કેમ જાણે તમામ કામ કરતી હોય તેવો દેખાવ કરતી અને આ કાર્યમાં તે ભારે પ્રવીણ હતી. બંને ભાઇઓને પણ તે ઊંઠાં, અઢિયાં ભણાવતી, પણ ઘરનો વ્યવહાર અત્યંત શાંતિપૂર્વક ચાલતો, એટલે તેઓને ઘરકામમાં માથું મારવાની જરૂર ઉભી ન થતી.

સમતા, મમતાને પોતાની મોટી બહેન જેમ માનતી અને તેનાં આવા વિચિત્ર વર્તનને મોટું મન રાખી ગળી જતી. આ કારણે જ, ઘરનો વ્યવહાર વગર કલેશે સુખરૂપ ચાલતો. પતિનો તિરસ્કાર અને ધર્મના ત્યાગ સિવાય બધું જ સહન કરવાની શક્તિ કુદરતે સ્ત્રીમાં મૂકી છે, એટલે જ આ જગતમાં સ્ત્રી સહનશીલતા અને સહિષ્ણુતાનું જીવંત પ્રતીક કહેવાય છે.

સમતાને લગ્ન વખતે તેના પિયર તરફથી હીરા-માણેકજડિત એક બહુ મૂલ્યવાન હાર આપવામાં આવ્યો હતો. મમતાને આવો હાર ન હતો, એટલે પોતાની જેઠાણીને ઓછું ન આવે, એ દૃષ્ટિએ સમતા આ હાર કદિ પહેરતી નહિ. એક દિવસે સમતા જ્યારે બહાર ગઇ હતી ત્યારે મમતાએ સમતાની પેટીમાંથી પેલો મૂલ્યવાન હાર ચોરી લીધો, પછી બહારગામ જઇ એ હારમાં થોડો ફેરફાર કરાવી, પોલિશ કરી,'નવો હાર પોતાના પીયરથી લઇ આવી છે એવો દેખાવ કર્યો. મમતા તો તેની ડોકમાં એ હાર પહેરી જ રાખે.

સમતાને એક દિવસે શંકા થઇ કે જેઠાણી હાર પહેરે છે, એ તેનો પોતાનો તો નહીં હોય! પછી પોતાની પેટીમાં હારની તપાસ કરી તો હાર ન મળે. સમતાને ખાતરી થઇ કે મમતાએ જ પોતાનો હાર ચોરી લીધો હતો, પુરંતુ કુટુંબમાં કલેશ અને સંતાપ ન થાય એ માટે તેણે એ વાત પોતાના પેટમાં જ રાખી અને મનને સમજાવ્યું કે 'માનવદેહ કદાચ હીરા-માણેકરૂપી સુંદર પત્થરોની શોભાનું સાધન બની શકે, પણ સુંદર અને ચકચકતા પત્થરો કાંઇ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવદેહની શોભાનું કારણ બની શકે નહિ અને બનતા હોય તો એવા માનવદેહની કિંમત પત્થરથી પણ ઊતરતી થઇ ગણાય.' સમતાએ વિચાર્યું કે સ્ત્રીનું સાચું આભૂષણ તો તેનું શીલ અને ચારિત્ર છે અને જેની પાસે તે હોય તેને વળી આવા હારની જરૂર શી ?

સમતાના પતિએ તેને એક દિવસે પૂછયું: 'ભાભી તો તેનો હાર હંમેશાં પહેરી રાખે છે, તો પછી તું તારો હાર શા માટે નથી પહેરતી? એ હાર પહેર્યો હોય ત્યારે તું કેવી સુંદર અને સોહામણી લાગે છે!'

પતિની વાત સાંભળી સમતા હસી ને બોલી: 'હાર વિનાની હું શું કદરૂપી લાગું છું? તમને ગમતી નથી? હારના કારણે જ શું હું તમને પ્રિય લાગું?'

સમતાના પતિએ કહ્યું: 'એમાં ગમવા ન ગમવાની વાત નથી, પણ અલંકારોથી દેહની શોભા વધે છે, અને તેથી જ બધી સ્ત્રીઓ અલંકારો–આભૂષણોનો ઉપયોગ કરે જ છે ને!'

સમતાએ જરા ગંભીર બની કહ્યું: 'અંદરથી જે અપૂર્ણ અને કંગાલ હોય તેને પતિના પ્રિયપાત્ર બનવા માટે બાહ્ય અલંકારોની જરૂર પડે. પણ અંદરની સમૃદ્ધિ વિના બહારની શોભા તો મૂર્ખ માણસને રીઝવી શકે, ચતુરને નહિ. હું તમને ચતુર ન માનતી હોત તો મારા શરીરના અંગે અંગને અલંકારોથી ઢાંકી દેત. સ્ત્રીનું સાચું આભૂષણ અલંકાર નહિ પણ શીલ અને ચારિત્ર છે.'

સમતાની વાત સાંભળી તેના પતિએ કટાક્ષયુક્ત ભાષામાં કહ્યું: 'તો પછી જે સ્ત્રીઓ અલંકાર પહેરે છે, તે બધી સ્ત્રીઓના પતિરાજો મૂર્ખ છે એમ તારું કહેવું છે? અલંકારો શું માત્ર પતિને રીઝવવા માટે જ સ્ત્રીઓ પહેરે છે?'

સમતાએ જવાબ આપતાં કહ્યું: 'કોઇપણ વસ્તુ એકાન્તે આમ જ છે એમ કહેવું તે યોગ્ય નથી; આમ છતાં જે પતિને પોતાની પત્ની, માત્ર અલંકારો અને આભૂષણોના કારણે જ પ્રિય લાગતી હોય, તે પતિને મૂર્ખ ન કહેવાય તો શું ડહાપણનો ભંડાર કહેવાય? તમે પુરુષ છો એટલે સ્ત્રીના માનસની તમને ખબર ન પડે, પણ અલંકારો અને આભૂષણો પહેરવામાં અનેક કારણો રહેલાં છે. પ્રથમ તો અમે સ્ત્રીઓ એમ માનીએ છીએ કે અંદરનું કુરૂપ બહારના અલંકારો અને ટાપટીપ દ્વારા છુપાવી શકાય છે. બીજું કારણ પતિને પ્રિય થવાનું પણ હોય છે, કારણ કે પતિને રીઝવવા માટે અનેક વખત પોતાના દેહને શણગારવો પડે છે. ત્રીજું કારણ અલંકારો દ્વારા પતિને મૂર્ખ બનાવવાનું પણ હોય છે. સ્ત્રી એ વાત સારી રીતે સમજતી હોય છે કે જ્યાં સુધી પતિ પોતાની પાછળ ઘેલો ન બને ત્યાં સુધી તે પોતાનું ધાર્યું કામ કરાવી શકતી નથી.'

સમતાની વાતે તેના પતિને ચમકાવ્યો અને તેને વિચારતો કરી દીધો.

( ૨ )

થોડા વર્ષો બાદ મમતા ભારે બિમાર પડી, અને સમતાએ દિવસ અને રાત ખડે પગે ઊભા રહી તેની સારવાર કરી. મમતાને જ્યારે લાગ્યું કે પોતે આ ગંભીર માંદગીમાંથી મુક્ત નહિ થાય, ત્યારે પોતાના પતિ, દિયર અને સમતાને પોતાની પાસે બોલાવ્યા.

મમતાએ આંખોમાં આંસુ સાથે સૌને ખમાવતાં કહ્યું: 'હું તો હવે થોડા દિવસની મહેમાન છું, પણ જતાં જતાં મેં કરેલાં પાપકૃત્યોનો બોજો મારાથી સહન નથી થતો, એટલે તેની કબૂલાત કરી એ બોજો હળવો કરું છું.'

મમતા આટલું બોલી ત્યાં શ્વાસ ચડવા લાગ્યો, પણ તેની દરકાર ન કરતાં કહેવા લાગી: 'સમતા એક સામાન્ય સ્ત્રી નથી, પણ આપણા ઘરની સાક્ષાત્ લક્ષ્મી છે. મેં તેને દુઃખ આપવામાં કાંઇ બાકી રાખ્યું નથી'. સમતાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મમતાના હોઠો પર પોતાનો હાથ દાબી તેને બોલતી અટકાવીને કહ્યું : 'મોટી બહેન! તમે આ શું બોલી રહ્યાં છો?'

મમતાએ પ્રેમપૂર્વક સમતાનો હાથ દૂર કરી કહ્યું : 'સમતા! મારા જીવનની સદ્ગતિ થાય એમ ઇચ્છતી હો તો આજ બધો એકરાર કરી લેવા દે.'

માનવી જગતના સર્વ પદાર્થોનો સંગ્રહ કરી શકે છે, પણ પાપના બોજાને સંગ્રહી રાખવો એ કાર્ય કઠિન છે. પાપનો ભાર જ માનવીને પાપનો એકરાર કરવાની ફરજ પાડે છે. પાપનો એકરાર અને તે માટેના પશ્ચાત્તાપ દ્વારા જ માનવી પાપના ભારથી હળવો બની શકે છે. સમુદ્ર જેમ માનવીના ચૈતન્યરહિત દેહને સંગ્રહી રાખતો નથી, પણ પાણીનાં મોજા દ્વારા કાંઠે ફેંકી દે છે, તેમ માનવ મન પણ સમુદ્ર જેવું અગાધ છે, અને કોઇપણ વ્યક્તિ પોતાના પાપને કાયમ માટે મનમાં છુપાવી રાખી શકતી નથી, પણ એકરાર કરી દે છે.

મમતાએ તે પછી સમતા પર જે જે વીતાવેલું તેનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું :'આ હીરા-માણેકનો હાર જે હું પહેરું છું તે મારા પિયરથી હું લાવી નથી, પણ સમતાની પેટીમાંથી મેં ચોરી લીધો છે. સમતા તો ભારે ઉદાર અને સહનશીલ છે, એટલે મારી ચોરીની વાત જાણવા છતાં તે બાબતની ફરિયાદ તેણે કોઇના મોંએ કરી નથી પણ તેથી જ મારાં પાપ કૃત્યોનો બોજો અનેકગણો વધી જાય છે. મારાં આ બધાં પાપકૃત્યોનું ફળ શું ભોગવવું પડશે તેની મને કલ્પના નથી, પણ આ હાર મરતાં અગાઉ સમતાને સોંપી પાપના ભારથી હળવી બનું છું.'

બંને ભાઇઓ આ બધી હકીકત સાંભળી ભારે આશ્ચર્ય પામ્યા, કારણ કે ઘરમાં આવું બધું ચાલી રહ્યું હતું, તેનો તેમને સ્વપ્ને ય ખ્યાલ ન હતો. થોડા દિવસો બાદ મમતા મૃત્યુ પામી અને તે પછી કેટલાંક વર્ષો પસાર થયાં અને સમતા પણ મૃત્યુ પામી.

વૈશાલીમાં એ વખતે ગણસત્તાક રાજ્યપદ્ધતિ હતી અને ત્યાંના રાજા ચેટકને ત્રિશલાદેવી નામે એક બહેન હતી. ત્રિશલાનાં લગ્ન વૈશાલીના જ્ઞાતવંશીય ક્ષત્રિય સિદ્ધાર્થ રાજા સાથે કરવામાં આવ્યાં હતાં. સમતાના જીવે આ ત્રિશલા તરીકે જન્મ લીધો હતો. ત્યારે પૂર્વ જન્મની તેની જેઠાણી મમતાએ આ વખતે દેવાનંદા તરીકે જન્મ લીધો હતો.

એક દિવસે દેવાનંદાએ રાત્રે કલ્યાણમય તથા મંગલકારી એવાં ચૌદ મહાન સ્વપ્ન જોયાં. આ સ્વપ્નોનું ફળ કહેતાં તેના પતિએ કહ્યું : 'દેવાનંદા! આ સ્વપ્નોથી સૂચિત થાય છે કે, તારી કૂખે સર્વ શાસ્ત્રોનો જાણકાર દ્રઢ શરીરવાળો, સુલક્ષણો, તેજસ્વી, યશસ્વી અને સર્વગુણો યુક્ત એવો એક મહાન સુપુત્ર જન્મ લેશે.'

દેવાનંદા સ્વપ્નોનું આ ફળ સાંભળી ભારે હર્ષિત થઇ, પરંતુ સ્વપ્નો જોયા પછી ૮૨ દિવસો વીત્યા બાદ દેવાનંદાનો ગર્ભપુત્ર સિદ્ધાર્થ રાજાની રાણી ત્રિશલાના ગર્ભપુત્રરૂપે ફેરવાઇ ગયો, આથી દેવાનંદાના શોકનો પાર ન રહ્યો.

એ વાતને ૪૨ વર્ષો વીત્યા બાદ ભગવાન મહાવીર બ્રાહ્મણકુંડ ગામે પધાર્યા હતા, ગામના અનેક સ્ત્રીપુરુષો ભગવાનને વાંદવા ગયા હતા અને તેમાં ઋષભદત્ત અને દેવાનંદા પણ હતાં.

દેવાનંદાની દૃષ્ટિ જેવી ભગવાન મહાવીર ઉપર પડી કે તેનાં લોચન આનંદાશ્રુથી ભીનાં થયાં, તેનું શરીર હર્ષથી પ્રફુલ્લ થયું, ભગવાન મહાવીરને અનિમિષ દૃષ્ટિથી તે જોઇ રહી હતી, તેવામાં દેવાનંદા બ્રાહ્મણીના સ્તનમાંથી દૂધની ધાર છૂટી.

સૌ લોકો આ દૃશ્ય જોઇ સ્તબ્ધ થઇ ગયા. ગૌતમસ્વામીએ પૂછ્યું : 'ભગવાન! આપને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇ આ બ્રાહ્મણીના સ્તનમાંથી દૂધની ધારા કેમ છૂટી ?'

ભગવાને કહ્યું : 'ગૌતમ ! આ દેવાનંદા મારી માતા છે, અને હું તેનો પુત્ર છું, તેથી તેને આવો અનુભવ થાય છે.'

ભગવાને ત્યાર પછી ત્રિશલા અને દેવાનંદાના પૂર્વ જન્મની વાત કહી સંભળાવી અને કર્મના ગહનગતિ સમજાવતાં કહ્યું : 'કર્મના ફળો વ્યક્તિને અવશ્ય ભોગવવા જ પડે છે. માટે, કર્મનો બંધ ન થાય એ રીતે અલિપ્તભાવે જીવન જીવવું જોઇએ. કર્મબંધનના મૂળમાં મુખ્ય રાગ અને દ્વેષ છે. તેથી લોકોએ રાગ અને દ્વેષનું સ્વરૂપ સમજી તેનાથી દૂર રહેવું જોઇએ.'

卐

# આપણે કેટલા લોકપ્રિય છીએ ?

માણસ ગમે તેટલો પૈસાદાર હોય, ગમે તેટલો બુદ્ધિશાળી કે ભાવનાશાળી હોય પણ એથી જનસમાજમાં હરહંમેશ તે લોકપ્રિય બની શકે એવું નથી. માનવી કેટલું જીવે છે એના કરતાં કેવું જીવે છે ? બીજાને કેટલો ઉપયોગી થાય છે ? સંબંધોમાં કેવી મિઠાશ જાળવે છે ? વ્યવહારોમાં કેટલો ચોક્કસ છે ? જીવનમાં નિત દુઃખના રોદણા રોવે છે કે હસતે મુખે સ્વસ્થ રહીને મુશ્કેલીઓને મારી હટાવે છે ! સૌ સાથેના સંબંધોમાં સરળ અને નિખાલસ રહેનાર માનવી સૌનો પ્રીતિપાત્ર બને છે. લોકજીવન પર એના વ્યક્તિત્વનો, પ્રતિભાનો આકર્ષણનો જાદુ ઊભો કરે છે.

વ્યક્તિત્વના વિકાસના ઘડતરનું કામ રાતોરાત નથી થતું. ઘર, કુટુંબ, રહેણીકરણી, મિત્રવર્તુળ એ બધા દ્વારા માનવી નીત નવું શીખે છે અને જાણ્યે-અજાણ્યે એને આચરણમાં મૂકે છે. આ બધાનો પ્રભાવ માનવજીવન પર ઘણો મોટો રહે છે. પરિણામે એક જ માના બે દીકરા હોય પણ એક વિદેશ ગયો હોય તો ય નથી વિસરાતો ને એક પાસે હોય તો ય નથી પોસાતો એવું પણ બને છે.

કોઇપણ જાહેર જીવનમાં પડેલી વ્યક્તિ સૌ પ્રથમ એવો વિચાર કરશે કે હું જે કંઇ કરું છું એનો પડઘો શો પડશે ! માનવી જાગ્રત રહીને પોતાના કાર્ય, વાણી, વર્તન અને ચારિત્ર્ય અંગે થોડુંક પણ ચિંતન કરતો થાય તો લોકપ્રિય થવાનો માર્ગ એને જલ્દી મળી જાય છે. બસ ! હસતામુખે લોકોને મદદરૂપ થાવ, એને દુઃખની પળોમાં આશ્વાસનના બે શબ્દો કહી એનું દુઃખ હળવું કરો. તમારા પર અપકાર કરનારનું ય પ્રસંગ આવ્યે કામ કરી છૂટો તો લોકપ્રિયતા તમને શોધતી શોધતી તમારા ઘર આંગણા સુધી આવી પહોંચશે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શેઠના ઘરની લક્ષ્મી



[ મુની શ્રી વિદ્યાવિજયજીના હીંદિ વ્યાખ્યાનનાં અનુવાદક હિંમતલાલ અનોપચંદ મોતીવાળા ]

એક શેઠ અતિ શ્રીમંત હતા. બધી જ જાતની આનુકુળતા દૈવ યોગે હતી. લક્ષ્મીની સંપુર્ણ કૃપા હતી.

એક રાત્રે શેઠ પોતાના શયનખંડમાં નિરાંતે નિંદર માણી રહ્યા હતા. લક્ષ્મી દેવીએ તે રાત્રે શેઠને જગાડ્યા. શેઠ સાક્ષાત દેવીને જોઇ આશ્ચર્ય ચકિત થઇ ગયા. શેઠે દેવીને પુછયુ' 'આપ કોણ છો? આ મધ્ય રાત્રીએ આપને કેમ પધારવું પડયું છે? દેવીએ જવાબ દીધો કે "હું તારા ઘરની લક્ષ્મી છું. અને હવે હું જઇ રહી છું."

લક્ષ્મીની જવાની વાતથી શેઠ બેહદ ચીન્તામાં પડી ગયા. લક્ષ્મી ઘરમાંથી ચાલી જાય અને ચીન્તા ન થાય? આ સવાલ જે કોઇની સામે આવે તેને ચીન્તા ખુબ થાય જ તે સ્વાભાવીક છે.

પણ સમય પર "ધર્મ" આવીને કહે કે હવે હું તારી પાસેથી જઇ રહ્યો છું, તો આપ કદાચ જવાબ આપશો કે મહેરબાન આપને આપને જવું હોય ત્યાં ખુશીથી પધારો. પણ લક્ષ્મી જવાનું નામ લે તો તાવ ચઢી જાય એવી ગૃહસ્થોની સ્થિતી છે. લક્ષ્મીની જવાની વાતથી શેઠને ફીકર થઇ. વિચારવા લાગ્યા કે હાય હાય હું તો ગરીબ થઈ જઇશ. મારો ઝાકઝમાળ દુર થઇ જશે. મારી શું દશા થશે? શેઠ વિચારતા રહ્યા દરમ્યાન લક્ષ્મીએ ફરી કહ્યું કે "તારે ત્યાં ઘણો સમય રહી. એક જગ્યાએ રહેવાથી થાકી ગઇ છું ઉપરાંત એક જગ્યાએ રહેવાનો મારો સ્વભાવ નથી.

શેઠ બોલ્યા "આટલો બધો સમય મારે ત્યાં રહી છો તો જતા સમયે મારા માટે કાંઇક કર."

લક્ષ્મીએ જવાબ આપ્યો "ખેર! તું માંગે છે તો તું ચાહે તે માંગી લે, હું તને આપીને જઇશ."

શેઠ વિચારે ચડી ગયા, મારી પાસે ૧ કરોડ છે, બે કરોડ માંગી લઉં, ચાર કરોડ માંગી લઉં, સો કરોડ માંગી લઉં, રાજપાટ માંગી લઉં, વિચારધારા કયાંય જઇને અટકી નહી.

લક્ષ્મી બોલી-શેઠ શું વિચાર્યુ.

વિચારધારામાં ખોવાયેલા શેઠે કહ્યું કે ૨૪ કલાકનો સમય આપવા વિનંતી કરૂં છું, આ સમયમાં હું પુરેપુરો વિચાર કરી માંગીશ. તારે આજ જવું છે તો કાલ જજે પણ મને વિચાર કરી માંગવા દે.

લક્ષ્મી કબુલ થઇ. કાલ તૈયાર રહેવા સુચવ્યું. જે માંગીશ તે આપીશ કહીને લક્ષ્મી ચાલી ગઇ.

પ્રાતઃકાળ થયો. શેઠે પરીવારને એકઠો કર્યો. પુત્ર, પુત્રી, સ્ત્રી, વિગેરે સૌને રાત્રીની વાતથી અવગત કર્યા. અને શું માંગવું તેની ચર્ચા ચાલી. પરીવારમાંથી કોઇએ કહ્યું કે "ખુબ સંપત્તી માંગો, રાજપાટ માંગી લ્યો" આ રીતે સૌએ પોતાની મતિ પ્રમાણે માંગવા સુચન કર્યા.

આ શેઠના કુટુંબમાં એક નાના દિકરાની વહુ બહુ જ થોડા દિવસ પહેલા કુટુંબમાં આવી હતી. સૌની માંગણીઓ શાન્તીથી સાંભળતી હતી.

શેઠે તેને પણ કાંઇક માંગણી બાબતમાં ઇચ્છા મુજબ કહેવાની સુચના આપી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાની વહુએ જવાબ આપ્યો કે હું તો તમારી સૌની પાસે બાળક જેવી છું, હું શું સલાહ આપું ?

તારો સલાહ દેવાનો અધીકાર છે, તું પણ કાંઈક સલાહ આપ.

વહુએ પણ જવાબ આપ્યો કે "આપ લક્ષ્મીને કહી દ્યો કે તારે કાલ જવાનું મુહૂર્ત હોય તો આજ જા, અમારે તારી સવાર સાંજ કરવી નથી અને તું ખુશામતથી કાંઇ રહેવાવાળી નથી પરંતુ તું લક્ષ્મી છો-દેવી છો અને અમને વચન આપ્યું છે તો પાલન કરવા માંગતી હો તો અમે માંગીએ છીએ કે "કયારે પણ અમારા ઘરમાં-કુટુંબમાં દન્ત કલેશ ન થાય" એવું વરદાન આપ. ઘરમાં કોઈનું મોઢું ચડયું વડયું ન રહે, પ્રસન્તા અને હસતા મોઢા સૌના રહે ભલે પછી અમને દાળ, રોટલી, લુખી સુકી રોટલી મળે પણ પ્રેમ અને આનંદ હંમેશા રહે, એની ખોટ કયારેય ન દેખાય બસ અટલું આપી તારે જ્યાં જવું હોય ત્યાં જા.

રાત પડી, શેઠ પાસે સમય મુજબ લક્ષ્મી આવી.

આવીને પુછ્યું શેઠ વિચાર કરી રાખ્યો.

શેઠે જવાબ આપ્યો કે તારે કાલે જવું હોય તો આજે જા, અથવા આજે જતી હો તો હમણા જા. અમારે તારી એવી કોઈ જરૂરત નથી. અમને જરૂરત છે કે તેં વરદાન આપ્યું છે તો વચન આપ કે અમારા ઘરમાં કયારેય "દંત કલેશ" થશે નહી. પરસ્પર સ્નેહ-સદ્‌ભાવ કાયમ રહે. બસ એટલું જ.

લક્ષ્મીએ જવાબ આપ્યો કે જો આ પ્રમાણે વચન માંગે છે તો હવે મને ધક્કો મારી કાઢશો તો પણ નહી જાઉં કારણ કે મારો નિવાસ જ્યાં પરસ્પર પ્રેમ – આનંદ – પ્રસન્નતા અને સંપ હસતુ મુખ હોય ત્યાં જ છે.

કેવો છે સંપનો મહીમા....

卐

## કલ્યાણકારી ધર્મ કયો ?

ધર્મ એ માત્ર મંદિરોમાં કે ધર્મસ્થાનોમાં જ કરવાની ચીજ નથી. ધર્મની સાધના માત્ર વારે-તહેવારે જ કરવાની નથી. ધર્મ એ તો જીવનમાં પળે પળ જીવવાની વસ્તુ છે. જીવનમાં પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક પળે આપણો કાંઇક ધર્મ છે.... આપણું કાંઇક કર્તવ્ય છે.... એમ સમજીને પળે પળ જાગૃતિપૂર્વક જીવવું એનું નામ જ ધર્મ છે....આવો ધર્મ જ આત્માનું કલ્યાણ કરી શકે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हिन्दी विभाग

## वर्षीय तप के उपलक्ष्य में पंचान्हिका महोत्सव

शत्रुंजय गिरिराज़ की शीतल छाया में पालीताणा की पावन भूमि पर पंजाब देशोद्धार, बिश्ववंद्य विभूति महान ज्योतिर्धर न्यायाम्भोनिधि आचार्य श्रीमद् विजयानंद सूरीश्वरजी महाराज की दादा की टुंक में प्रतिमा प्रतिष्ठा एव वर्तमान गच्छाधिपति आचार्य श्रीमद् बिजय इन्द्रदिन्नसूरीश्वरजी महाराज के वर्षीय तप पारणा के प्रसंग पर पचान्हिका ज़िनेन्द्र भक्ति महोत्सव का भव्य आयोजन किया गया।

इस पंचान्हिका महोत्सव दि. ७-५-९४ के अन्तर्गत प्रवर्तिनी साध्वी श्री प्रवीणश्रीजी की शिष्या साध्वी श्री चरणप्रभाश्रीजी म. के वर्षीय तप के उपलक्ष्य में ऋषभ जैन महिला मंडल की ओर से श्री पंचकल्याणक पूजा पढाई गई।

दि. ८-५-९४ को साध्वी श्री यशोभद्रा श्रीजी म. एवं साध्वी श्री भद्रयशाश्रीजी म. के वर्षीत तप के उपलक्ष्य में कपडवंज निवासी श्री कस्तुरलाल न्यालचंद की ओर से नव्वाणु प्रकार की पूजा पढाई गई।

दि. ९-५-९४ को साध्वी श्री ओमकार श्रीजी म. की शिष्या साध्वी श्री मृदुलताश्रीजी म. एवं सा. श्री बिपुलयशाश्रीजी म. के वर्षीयतप के उपलक्ष्य में श्री हुकमीचंद साकलचंद्र शिरपुरवालों की ओर से अन्तरायकर्म की पूजा पढाई गई।

दि, १०-५-९४ को श्री पार्श्वपद्मावती पूजन पढाया गया दि. ११-५-९४ को श्री भक्तामर महापूजन पढाया गया।

दि. १२-५-९४ को गिरिराज पर श्रीमद विजयानंदसूरि महाराज की प्रतिष्ठा की प्रतिष्ठिा सम्पन की गई।

इस पचान्हिका महामहोत्सव के विधिकारक थे श्री भीखूभाई बारसोवाले।

दि. १२-५ ९४ को प्रातः ८-५० बजे गिरिराज पर गुरू प्रतिमा प्रतिष्ठा के बाद

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रातः १०–३० बजे मुमुक्षुभाई श्री 'दलपतभाई' एवं उम्मेदपुर (राजस्थान) निवासी कुमारी पुष्पा जैन का दीक्षा समारोह सम्पन हुआ। श्री दलपतभाइ का नूतन नाम मुनि श्री दिव्योदयविजयजी रखा गया और कुमारी पुष्पाबहन का नाम साध्वीश्री पुष्पचूलाश्रीजी रखा गया। दीक्षा के निमित्त दीक्षार्थियों के उपकरण के विविध चढावे बोले गए जिनका लाभ शा. घेवरचंदजी हिम्मतमलजी. शा. निहालचंदजी पन्नाजी. शा. ओटरमलजी सांकलचंदजी. शा. जवानमलजी खीमाजी. शा. मोहनलालजी फौजमलजी एवं श्रीमती पुष्पा-बहन रजनीकान्त ने लिया।

# गिरिराज पर गुरु विजयानंद की प्रतिमा की पूनर्प्रतिष्ठा

परमार क्षत्रियोद्धारक चारित्र चूडामणि जैन दिवाकर, वर्तमान गच्छाधिपति आचार्य श्रीमद विजय इन्द्रदिन्नसूरीश्वरजी महाराज एवं कार्यदक्ष आचार्य श्रीमद् विजय जगच्चन्द्र सूरीश्वरजी महाराज आदि ठाणा की पावन निश्रा में दि. १२–५–९४ को प्रातः ८–५० बजे गिरिराज पर दादा आदिनाथ की टुंक में विश्ववंद्य विभूति, महान ज्योतिर्धर, पंजाब देशोद्धारक, नवयुग निर्माता, न्यायाम्भो निधि आचार्य श्रीमद विजयानंद सूरीश्वरजी महाराज की प्रतिमा की भव्य प्रतिष्ठा सम्पन्न हुई।

पहले इसकी प्रतिष्ठा पंजाब केसरी, युग-वीर, आचार्य श्रीमद विजय वल्लभ सूरीश्वरजी महाराज ने करवाई थी। वह जीर्ण होजाने से पूज्य श्री विजयानंदसूरिजी महाराज की स्वर्गारोहण शताब्दी के उपलक्ष्य में वर्तमान गच्छाधिपति आचार्य श्रीमद विजय इन्द्रदिन्न सूरीश्वरजी महाराज की प्रेरणा से श्री आत्मानंद जैन महासभा (उत्तरी भारत) के अर्थ सहयोग से सेठ श्री आनंदजी कल्याणजी पेढी की ओर से इसका सम्पूर्ण रुपसे जीर्णोद्धार किया गया। दो लाख रुपयों के लागत से निर्मित यह देहरी जैसलमेरी लाल पथ्थर और संगमरमर से बनी है। इसका नवीनी-करण शिल्पकला युक्त अत्यन्त आकर्षक हुआ हैं।

इसकी प्रतिष्ठा के लिए चढावे बोले गए थे उनमें सर्व प्रथम पाटला पूजन का लाभ श्री कुमारपाल जैन दिल्लीवालों ने लिया। पांच अभिषेक का लाभ श्री खूबीलालजी राठौड सादडीवालों ने लिया। प्रतिष्ठा कराने का लाभ श्री लालचंदजी मोहनलालजी सादडीवालों ने लिया। प्रतिष्ठा का लाभ लेने वाले श्री मोहनलालजी जो सादडी में लाडू के नाम से जाने जाते हैं और जो श्री आत्म वल्लभ समुद्र इन्द्र गुरु परंपरा के परम

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भक्त रहे हैं उनका नाम तख्ती पर अंकित किया जाएगा।

इस प्रतिष्ठा महोत्सव में पंजाब से आए गणमान्य व्यक्ति उपस्थित थे। श्री सीकंदरलालजी आदि गुरुभक्तों ने गुरु आतम के गीत गाकर सभी को गुरुभक्ति में तल्लीन किया। गुरु विजयानंद के गगनभेदी जयनादों के बीच इसकी प्रतिष्ठा सम्पन्न हुई।

पाठकों को यह जानकर आश्चर्य होगा कि इस युग के केवल एक ही आचार्य की प्रतिमा शत्रुंजय गिरिराज पर स्थित है। और वह भी दादा की टुंक में। इस प्रतिमा की प्रतिष्ठा के बाद सेठ श्री आनंदजी कल्याणजी पेढी ने अन्य किसी भी आचार्य की प्रतिमा की प्रतिष्ठा पर प्रतिबंध लगा दिया था।

## भव्य संक्रांति समारोह

शत्रुंजय गिरिराज की शीतल छाया में और पालीताणा की पुण्य भूमि पर यह कितना सुनहरी अवसर था कि पूज्य गुरुदेव एवं कार्यदक्ष आचार्य श्रीमद विजय जगच्चन्द्र सूरीश्वरजी म. की पावन निश्रा में तीनों ही प्रसंग एक साथ उपस्थित हो गए थे। दि. १२-५-९४ को गिरिराज पर गुरु आतम की प्रतिमा की प्रतिष्ठा सम्पन्न हुई।

दि. १३-५ को पूज्य गुरुदेव सहित ३३ साधु-साध्वियों के वर्षीतप का पारणा समारोह सम्पन्न हुआ।

दि. १५-५ को संक्रांति का भव्य समारोह सम्पन्न हुआ।

सर्व प्रथम पूज्य गुरुदेव के मंगलाचरण के बाद उपाध्याय श्री वीरेन्द्रविजयजीने अपना प्रारंभिक प्रवचन किया। उन्होंने तप के विषय में अपने विचार व्यक्त करते हुए कहा कि तप से शुद्धि होती है और शुद्धि से सिद्धि चाहे आध्यात्मिक कार्य हो या सांसारिक उसकी सिद्धि तब तक नहीं होती जब तक कि उसके पीछे तपश्चर्या न हो। आत्मा की निर्मलता और शुद्धता के लिए तप उतना ही आवश्यक है। पूज्य गुरुदेव ने वर्षीय तप जैसी कठोर तपस्या करके अपने आत्मा की शुद्धता और निर्मलता की है।

इस प्रसंग पर अनेक गुरूभक्त गायकों ने गीत गाकर गुरुदेवों के प्रति अपनी भावांजलि अर्पित की। जिन में प्रमुख है— श्री तरसेम कुमार जैन, वल्लभ जैन महिला मंडल बीकानेर, श्री विनोद जैन, मालेरकोटला, बीना जैन, लब्धिसागर, आगरा, श्री चांदमल कोठारी आदि।

श्री जैन आत्मानंद प्रकाश' जो ९१ वर्ष से गुजराती में प्रकाशित होता था उसमें पूज्य गुरूदेव की प्रेरणा से हिन्दी विभाग प्रारंभ किया गाया। उसका विमोचन श्री वी. सी. जैन के द्वारा किया गया।

इस संक्रांति समारोह में पंजाब से स्पैशल

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ट्रेन लेकर आए संघपति का और सभी कार्यकर्ताओं का उत्तम व्यवस्था के लिए अभिनंदन किया गया ।

स्पैशल ट्रेन के संघपति श्री रोशनलालजी का अभिनंदन पारणा समिति के अध्यक्ष श्री वी. सी. जैन ने किया।

आवास एवं भोजन की उत्तम व्यवस्था के लिए श्री आत्म वल्लभ जैन सेवा मंडल सादडी के अध्यक्ष श्री बालचंदजी रांका का अभिनंदन किया गया ।

इसके पूर्व कार्यदक्ष आचार्य श्रीमद् विजयजगच्चन्द्र सूरिजी महाराज ने मंडल की सेवाओं की प्रशंसा करते हुए कहा कि मंडल की निस्वार्थ सेवाएं आपके सामने हैं । पूज्य गुरूदेव के इस ऐतिहासिक पारणा महोत्सवपर जिस कर्मठता और परिश्रम से मंडल ने अपनी सेवाएं दी है वह सचमुच प्रशंसनीय है । मंडल अपने निस्वार्थ कार्य के लिए सदा प्रसिद्ध रहा है । इस प्रसंग उनका जितना अभिनंदन किया जाए उतना कम है ।

अन्त में पूज्य गुरुदेव ने अपना संक्रांति संदेश देते हुए कहा कि मेरे पारणे पर पहली बार पंजाब से इतने लोग आए है। पंजाबी गुरुभक्तों की भक्ति देखकर मेरा रोम रोम पुलकित हुआ है । स्पैशल यात्रा ट्रेन के संघपति श्री रोशनलालजी एवं बसों के संघपति श्री राजकुमारजी ने अपने साथ दूसरों को भी यात्र करवा कर महान लाभ प्राप्त किया हैं । मुझे पंजाब को एक ही संदेश देना है वह एकता और समन्वय का । पंजाब अब तक एक रहा है आगे भी एक रहने में ही उसका गौरव है । हमें एक भी ऐसा कार्य नहि करना चाहिए जिससे पंजाब की एकता को ठेस लगे ।

संक्रांति भजन के बाद एवं स्तोत्र पाठ के बाद पू गुरुदेव ने संक्रांति नाम सुनाए ।

- नर–देहकी श्रेष्ठता धर्माराधन करने में, दान शील, तप और भावनामय जीवन व्यतीत करने में तथा अपनी आत्मा को कर्म–भार से मुक्त करने में है ।
- मानव की श्रेष्ठता उत्तमोत्तम करनी करने की क्षमता में है ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ऐतिहासिक पारणा महोत्सव

वैशाख सुदि तीज (अक्षय तृतीया) का वह दिन जैन धर्म के इतिहास में एक अविस्मरणीय यादगार छोड कर विदा हो गया हैं । तपश्चर्या की तारीख में हमेशा के लिए अमिट बनी रहनेवाली यह आश्चर्य जनक घटना लोगों कों सदा प्रेरणा देती रहेगी । भविष्य में जब जब भी पीढियों इस इतिहास को पढेगी तो अवश्य विस्मित और दंग रह जाएगी । जब जब भी इस तारीख को सुनेगा वह बिना अपने दांतों तले उंगली दबाए रह नहीं पाएगा ।

जैन धर्म की श्रमण परंपरा में और पंजाब केसरी, युगवीर आचार्य श्रीमद विजय वल्लभ सूरीश्वरजी महाराज के समुदाय में ऐसा कभी नहीं हुआ था कि किसी गच्छाधिपति ने बाईपास सर्जरी के बाद वर्षीय तप किया हो उनके साथ साथ उनके आज्ञानुवर्ती ३३ श्रमण एवं श्रमणी वृन्द ने उनका अनुसरण करते हुए वर्षीय तप किया हो ।

संसार में कुछ विशिष्ठ व्यक्तित्व होते हैं जो नवीन इतिहासका सर्जन करते है, ऐसा इतिहास जो युगों युगों तक स्मरण किया जाता है और दूसरों के लिए मार्गदर्शन और प्रकाश का कार्य करता हैं । ऐसे ही एक इतिहास निर्माता युग पुरुष है परमार क्षत्रियो द्धारक चारित्र चूडामणि, जैन दिवाकर, शासन शिरोमणि, जन जन के श्रद्धा केन्द्र आचार्य श्रीमद विजय इन्द्रदिन्नसूरीश्वरजी महाराज जिन्होंने अपनी इकहत्तर वर्ष की अवस्था में हृदय की शल्य चिकित्सा के उपरान्त और गच्छाधिपति पद की महान जिम्मेदारी सम्हालते हुए भी वर्षीय तप किया और उसका ऐतिहासिक पारणा दि. १३–५–९४ को अक्षय तृतीया के दिन १०८ श्रेयांस कुमारों से इक्षु रस ग्रहण कर सुखशाता पूर्वक परिपूर्ण किया ।

सम्पूर्ण भारत के कोने कोने में बसे गुरुभक्तगण पूज्य गुरुदेव के इस पारणा समारोह की बडी बेसब्री से इंतज़ार कर रहे थे । मास और दिन गिनते हुए जब अक्षय तृतीया निकट आ गई तो सभी गुरुभक्तों के आनंद की सीमा नथी और ने सभी अपने सांसारिक कार्य छोडकर मन और हृदय में अपूर्व आनंद और हर्ष लिए पालीताणा में पहुंच गए थे ।

पारणा समारोह के लिए सौधर्म निवास धर्मशाला के विशाल प्रांगण में एक भव्य मंडप बांधा गया था जिसका नाम विजय इन्द्र दरबार रखा गया था । उसी मंडप में प्रात: ८–०० बजे पूज्य गुरूदेव के मंगलाचरण के साथ ही इस पारणा उत्सव का कार्यक्रम प्रारंभ हो गया था ।

बराबर मध्य में पूज्य गुरुदेव एवं कार्यदक्ष

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आचार्य श्रीमद विजय जगच्चन्द्र सूरीश्वरजी महाराज अपने शिष्य परिवार के साथ एक मंचपर बिराजमान थे। बायी ओर साध्वी मंडल बिराजित था। गुरुदेव के सम्मुख १०८ श्रेयांस कुमार अपने परिवार के साथ आसन ग्रहण किए हुए थे। श्रमणी मंडल के समक्ष महिलाएं उपस्थित थी। दायी और समाज के गणमान्य गुरुभक्त गण बैठे हुए थे। शेष सभी जगहयत्र तत्र सर्वत्र दूर-दूर से आए गुरुभक्त पारणा समारोह के इस कार्यक्रम को निहार रहे थे।

कार्यक्रम के प्रारंभ में इस समारोह के लिए लिशेष रुप से तैयार किए गए पजाब देशोद्धारक, महान ज्योतिर्धर नवयुग निर्माता न्यायाम्भो निधि आचाय श्रीमद विजयानंद सूरीश्वरजी महाराज के चित्र का अनावरण वासक्षेप पूजा दीप प्रज्वलन आदि के। चढावे बोले गअे।

अनावरण और माल्यार्पण का लाभ श्री सुरेन्द्रकुमार जैन जंडियालावालों ने हाल दिल्दी ने लिया।

दीप प्रज्वलन अर्थात दीप-पूजा का लाभ श्री घीसूलालजी बदामिया सादडीवालों ने लिया।

वासक्षेप पूजा का लाभ श्री राजकुमार जैन, प्रदीप पब्लिकेशन्स, जालंधरवालों ने लिया।

मुनि श्री अरुण विजयजीने अक्षय तृतीया का महत्व बताते हुअे अपने वक्तव्य में कहा कि इस वर्षीय तप के प्रणेता प्रथम तीर्थंकर भगवान ऋषभदेवजी थे। एक बैल को छिका बांधने का उपदेश देकर उन्होंने कठोर कर्म का बंध किया, परिणामतः उन्हे एक वर्ष तक निर्जल और निराहार रहना पडा। उन्होंने हस्तिनापुर में श्रेयांसकुमार से जो अपने प्रपौत्र थे ईक्षु रस का निर्दोष रस ग्रहण करके पारणा किया था। तब से आज तक वर्षीय तप के तपस्वी भगवान आदिनाथ की तरह ईक्षुरस ग्रहण कर अपने वर्षीय तप का पारणा करते है।

इस विशाल और ऐतिहासिक सभा को संबोधित करते हुए कार्यदक्ष आचार्य श्रीमद विजय जगच्चन्द्र सूरीश्वरजी महाराज ने कहा कि आज पूज्य गुरुदेव के संकल्प की पूर्णाहूति हो रही है। उनका संकल्प था कि मुझे यदि पालीताणा में रहने का अवसर प्राप्त हुआ तो मैं वर्षीय तप करुंगा और उसका पारणा भी इसी पावन भूमि पर करुंगा। गुरुदेव का दृढ संकल्प और दृढ निश्चय हिमालय की तरह अडिग होता है। उन की कठोर तपश्चर्या और कठिन साधना की कोई बराबर नहीं कर सकता। पालीताणाकी पुण्य भूमि पर रहकर पूज्य गुरुदेव ने अपनी इकहत्तर वर्ष की अवस्था में अनेक आराधना साधना सम्पन्न की, वर्षीय तप जैसी कठोर तपश्चर्या एवं एक करोड मंत्र का जाप किया। उनके जैसे महान दिव्यात्मा ज्योतिपुंज गुरूदेव के वर्षीय तप का पारणा कराने का लाभ जिन १०८ श्रेयांस कुमारों ने लिया है। वे महान भाग्यशाली हैं। यह लाभ लेकर उन्होंने

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अपने जीवन को धन्य और कृतार्थ किया है।

पूज्य गुरुदेव ने अपना उद्‌बोधन देते हुए कहा कि मैंने एक वर्षी तप का पारणा हस्तिनापुर में किया था। उसी समय मैने संकल्प किया था- एक वर्षी तप शत्रुंजय तीर्थ में रहकर करुंगा और उसका पारणा भी वहीं करुंगा। आप सभी लोगों की शुभ कामनाओं और दादा आदिनाथ की कृपा से मेरा संकल्प पूर्ण हुआ है। जब मैंने वर्षीयतप उठाया उस समय सभी ने मुझे वर्षीय तप न उठाने की बिनती की थी। तब मैंने कहा था कि यदि मेरे स्वाथ्य ने मुझे साथ न दिया तो मैं इस वर्षीतप को छोड दूंगा। परंतु मुझे इसकी आवश्यकता नहीं हुई। मुझे अपनी तपश्चर्या में कोई कठिनाईं नहीं हुई। एक बात मै अपने इस वर्षीतप पारणे के प्रसंग पर करना चाहता हूं वह है पंजाब के एकता की। हमारे गुरुदेव एकता का संदेश देते थे वे संगठन के पक्षधर थे हमें उन्हीं के पथ पर चलना हैं। हम उनके अनुयायी और भक्त हैं। हमारी शोभा इसी में है कि हम उन्हीं के पदाचिन्हों पर चलते रहे।

इसी समारोह में मुनि श्री नवीनचन्द्र विजयजी द्वारा लिखित श्रीमद् विजयानंदसूरि जीवन और कार्य' पुस्तक का विमोचन किया गया। इसका विमोचन पुस्तक के अर्थ सहयोगी श्रीपाल जैन बरड (डी. पी. ओसवाल होजरी) लुधियाना वालों ने किया।

इसी के साथ कवि अभयकुमार चौबेय द्वारा लिखित 'युगवीर वल्लभ' का विमोचन श्री प्रतापभाई भोगीलाल ने किया।

इस पारणा समारोह के प्रसंग के लिए विशेष रुप से वनाए गए चित्र 'सुपात्र-दान अक्षय तृतीया' का अनावरण सुप्रसिद्ध गायक श्री रवीन्द्र जैन ने किया। इस चित्र के मध्य में पूज्य गुरुदेव का आकर्षक चित्र और उनके दाएं बाएं हस्तिनापुर और शत्रुंजय का चित्र है। इस चित्र के कलाकार श्री कांतिभाई रांका है और प्रेरक आचार्य श्रीमद विजय जगच्चन्दसूरिजी महाराज है।

पूज्य गुरूदेव के पारणे के लिए विशेष रूप से आमंत्रीत संगीतकार श्री रवीन्द्र जैन ने अपनी मधुर संगीत से समा बांध दिया। पारणा समिति की ओर से उनका स्वागत और अभिनंदन किया गया।

इस समारोह में पूज्य गुरुदेव को कबली बोहराने का चढावा बोला गया जिसका लाभ सरदारीलाल शिखरचंद जैन मुरादाबादवालोंने लिया।

वर्षीतप के सभी साधु–साध्वियों को कंबली बोहराने का लाभ श्री मांगीलालजी ओकचंदजीने लिया।

पूज्य गुरुदेव को अभिनंदन पत्र अर्पित करने का लाभ पाली के बोकडिया परिवार ने लिया।

प्रा: ८-०० बजे से लेकर मध्यान्ह ३–०० बजे तक यह ऐतिहासिक सभा चलती रही अन्त में सभी वर्षीय तप के तपस्वियों का पारणा १०८ श्रेयांसकुमारों ने इक्षु रस का एक एक घडा बोहरा कर सम्पन्न करवाया।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वर्षीय तप के तपस्वी श्रमण थे
पूज्य गुरुदेव
उपाध्याय श्री बसंतविजयजी म.
मुनिश्री विनयरत्नविजयजी म.
,, देवेन्द्रविजयजी म.
,, ऋषभचन्द्रविजयजी म.

वर्षीय तप की तपस्विनी श्रमणी श्री
साध्वी श्री प्रबोधश्रीजी म.
,, चरणप्रभाश्रीजी म.
,, भद्रयशाश्रीजी म.
,, यशोभद्राश्रीजी म.
,, पुष्पाश्रीजी म.
,, निपुणाश्रीजी म.
,, योगशिलाश्रीजी म.
,, बालचन्द्राश्रीजी म.
,, कीर्तिप्रभाश्रीजी म.
,, नयप्रभाश्रीजी म.
,, प्रज्ञलताश्रीजी म.
,, मृदुलताश्रीजी म.
,, विपुलयशाश्रीजी म.
,, हर्षप्रियाश्रीजी म.
,, प्रियधर्माश्रीजी म.
,, विश्वप्रज्ञाश्रीजी म.
,, हर्मिष्ठाश्रीजी म.
,, सुप्रज्ञाश्रीजी म.
,, महाप्रज्ञाश्रीजी म.
,, ज्योतिप्रज्ञाश्रीजी म.
,, जीतयशाश्रीजी म.
,, कल्पपूर्णाश्रीजी म.
,, जिनप्रज्ञाश्रीजी म.
,, रत्नशिलाश्रीजी म.
,, सुजीताश्रीजी म.
,, प्रियसुधाश्रीजी म.
,, रश्मिप्रभाश्रीजी म.
,, सुमनीषाश्रीजी म.

- ज्ञान और क्रिया एक दूसरे की सहायता मे मोक्ष के मार्ग पर आत्मा को बढाते है।
- महामानवों की आत्माओ के समान ही हमारी आत्मएं भी अनन्त बलशाली और अनन्तज्ञान की अधिकारिणी है। आवश्यकता केवल उन्हे जगाने की है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सिद्धसेन और विक्रमादित्य

लेखक – मुनीश्री विद्याविजयजी म. सा.

सिद्धसेन दिवाकर विक्रमादित्य राजा के पास जाते है, एक मंदिर के काम के लिये। जैनों और हिन्दुओं में उस वक्त राग–द्वेष की प्रवृत्ति चल रही थी एक दूसरे के धर्म-कार्यो में रोडे अटकाया करते थे। हिंदुओंने एक जैन मंदिर का शिखर बनने से रोकदिया था। सिद्धसेनने सोचा: मंदिर का शिखर बनना जरुरी है। परन्तु अब यह तबतक नहीं बन सकता, जबतक राजा की आज्ञा न मिले।

सिद्धसेन, राजा विक्रमादित्य के पास गये। पुलिस उन्हे रोकती हैं। वे सोचते है– मै य ां धर्म–गुरु की है ितसे आया हुं। मुझे काम किसी तरह से निकालना है। राजा को प्रसन्न करना जरुरी है। देशकाल का विचार करके सिद्धसेन वहीं पर एक श्लोक बनाकर उस पुलिसवाले को देते है-राजा के पास पहुंचादेने के लिये। सिद्धसेन जैसा धुरंधर कवि, संसार में कोई नहीं हुवा। वे मात्र ३२ अक्षर का एक श्लोक था:

दिदृक्षु मिक्षुरेकोऽस्ति, वारितो द्वारि तिष्ठति।
हस्तन्यस्तचतुःश्लोको। यद्वाऽऽगच्छतु गच्छतु ॥

हे राजन! आपको देखने की इच्छा रखनेवाला एक भिक्षुक सिपाही के द्वारा रोका गया, तुम्हारे दरवाजे पर खडा है। जिसके हाथ में चार श्लोक है। वह आपके पांस आवे या चला जाय?।

सिपाही जाकर विक्रमादित्य के हाथ में वह श्लोक देता है। राजा उस ३२ अक्षर के श्लोक को देखकर चकित हो जाता है। विचारता हैं मानो न मानौ, यह श्लोक बनानेवाला कोई जबर्दस्त विद्वान होना चाहिये। राजा वापिस जवाब देता है।

दीयतां दश लक्षाणि शासनानि चतुर्दश।
हस्तन्यस्तचतुःश्लोकी यद्वाऽऽगच्छतु ॥

अपने नोकर को हुक्म देते हुवे वह लिखता है– उन्हे १० लाख सोने की मोहरे देदो और १४ गांवका राज्य देदो। फिर जिसके हाथ में चार श्लोक हैं, उसको कहदो कि, अगर उन्हें आने की इच्छा हो तो मेरे पास आजाय, और जाने की इच्छा हो तो चला जाय।

वे थे सिद्धसेन दिवाकर। न उन्हे सोना-मोहरें चाहिए थी, न शासन। उन्हें तो लगन थी एकमात्र धर्म–सेवा की। सिद्धसेन दिवाकर विक्रमादित्य के पास चले गये। उस समय राजा पूर्व दिशा की ओर मुंह करके सिंहासन पर बैंठा था। सिद्धसेनने एक श्लोक और सुनाया, प्रसन्न होकर राजाने पूर्व दिशा का राज्य देदिया। दूसरा श्लोंक सुनाया

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पश्चिम का राज़ देदिया ।

इसीतरह तीसरे और चौथे श्लोक सुनाने पर राजा उत्तर और दक्षिण दिशाओं का भी राज़्य दे देता है । और चारो दिशाओं का राज्य देकर राजा विक्रमादित्य सिद्धसेन के चरणों में गिर जाता हैं ।

विक्रमादित्य कह रहै— 'राज़न ! मैं राज्य लेने नहीं आया हु । आप अपना राज्य संभालिये । मेरा तो काम इतना मात्र है कि –साम्प्रदायिक मतभेद के कारण से हमारे धर्म का कार्य रूका हुवा हैं । आपको चाहिये कि हमारा यह कार्य करवादें । राजा फौरन हुक्म करदेता है ।

कहने का तात्पर्य यह है कि सिद्धसेन दिवाकर जैसे प्रकाण्ड विद्वान आचार्यने भी द्रव्य, क्षेत्र और काल भाव को देखकर धर्म की रक्षा के लिये इस बात का विचार नहीं किया कि मैं अपने चारित्र–साधुपने का ख्याल रखकर के राजा के पास क्यों जाऊं ? क्यों उसकी खुशामद करुं ? क्यों उसे प्रसन्न करने की कोशिश करुं ?

अगर वे अपने आचार्यपन के–साधुपन के अभिमान में रहते तो काम नहीं कर सकते थे ।

हेमचंद्राचार्य और ब्राह्मण पंडित

खादी के मोटे कपडे पहन हेमचन्द्राचार्य पाटन के बाज़ार में होकर निकलते है । एक मोटा डंडा हाथ में लिये है । कन्धे पर मोटा कम्बल रख्खा है । मोटा ताजा शरीर है ।

एक पण्डित सामने मिलता है । पण्डित ज़ानता हैं कि ये हेमचन्द्राचार्य है । प्रकाण्ड विद्वान है । इन्होंने ज्ञान का कोई विषय ऐसा नहीं छोडा जिसे ये न जानते हों । इन्होंने सभी शास्त्र बनाये है, यहांतक कि कामशास्त्र भी । पांच वर्ष की उम्र में ये गुरू को सोंप दिये गये थे । आप जान सकते है कि इस हालत में इन्हें संसार का क्या अनुभव होगा ? परन्तु नहीं इनका ज्ञानबल बडा ही प्रचंड था । कहा जाता है कि साढेतीन करोड श्लोक उन्होंने बनाये है ।

पण्डित मश्करी करते हुये कहता है—

आगतो हेमगोपालो दण्डकम्बलमुद्वहन् ।।

यह 'हेम' नाम का ग्वाला सामने से आ रहा है, जिसके हाथ में डंडा है और कन्धे पर कम्बल हैं । बात ठीक है । क्योंकि ग्वाले के सभी बाह्य लक्षण इनमें थे । हाथ में मोटा डण्डा भी था और मोटा कम्बल भी खंधेपर डाला था ।

हेमचन्द्राचार्यने विचार करलिया कि इसने बराबर मरा मश्करी की है । इसे जवाब जरूर देना चाहिये । बोलते हैं–

आगतो हेमगोपालो दण्डकम्बलमुद्वहन् ।
षड्दर्शनपशुप्रायांश्चरयन् जैनवाटके ।।

जरुर तुम कहते हो सो ठीक हैं । हेम ग्वाला आया हैं । पर यह कैसा ग्वाला है, यह तुम्हे नहीं मालूम । सुनो, यह षटदर्शनरूप पशुओं को जैन वाडे में चराता हुआ ग्वाला है ।

मित्रों ! देखिये, यह विद्वानों की मश्करी थी । कोई बुरी मश्करी नहीं थी । कुतर्क भी नहीं । जैसा सवाल, ठीक वैसा ही जवाब ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# उपदेश

परम पुज्य आचार्य विजय ईन्द्रदीन्नसूरीश्वरजी महाराज साहब के वर्षीय तप पारण निमित्त संवत २०५० वैशाख सुद ३ शुक्रवार दिनांक १३-५-९४ पालीताना में १०८ श्रेयांस कुमार थे, उन सबको परम पूज्य गुरुदेव के उपदेश अनुसार श्री भावनगर जैन आत्मानंद सभा में पेट्रन सभ्य बनने के लिए जो भेट रकम दी हैं। उन सभी सदग्रहस्थो का हम आभार प्रकट करते है।

१०००, श्री दामजीभाई कुंवरजीभाईँ छेडा मुंबई
१०००, श्री भगत सरदारीलाल ओमप्रकाश जैन दिल्ही
१०००, श्री शान्ताबाई पुखराजजी सादडी
१०००, श्री बाबुलाल पार्श्वकुमार जैन जलंधर
१०००, श्री मायारामजी माणेकजी जैन हस्ते श्री धरमदासजी लुधीयाना
१०००, श्री किर्तिप्रसाद जैन अंबाला शहेर
१०००, श्री भगत सरदारीमल सुरेन्द्रकुमार जैन धारी
१०००, श्री बालमुकुन मदनलाल उनानी
१०००, श्री ईसुरामजी बदामीमलजी सादडी बोम्बे
१०००, श्री प्रकाशचंद्र राजेन्द्रकुमार जैन दिल्ही
१०००, श्री भीखुभाई के शाह करचलीया
१०००, श्री ब्रीजमोहन ईन्द्रमोहन दिल्ही
१०००, श्री पीन्टुलाल सुभाश जैन दिल्ही
१००० श्री मोहनलाल लालचंद जैन सादडी
१०००, श्री मंगलदास शीवलाल बोम्बे
१०००, श्री फगुमल काश्मीरीलाल जैन लुधीयाना
१०००. श्री बिहारी शाह श्रीपाळ जैन लुधियाना
१०००, श्री कंडारीराम राजकुमार जैन लुधीयाना
१०००, श्री शेत्रुजयकुमार जैन दिल्ही
१०००, श्री आदीशकुमार जैन फरंदाबाद
१०००, श्री रामरतनसिंह रामसुंदर कोचर विकानेर
१०००, श्री श्रीचंद ब्रिजलाल जैन कोचर अमृतसर
१०००, श्री त्रिकमचंद राजेन्द्रकुमार लुधीयाना
१००० श्री चुनिलाल बालकिशन घोडेवाला ,,
१०००, श्री सिद्धार्थ के शाह. ह. विनुभाई पालनपुर
१०००, श्री कपुरचंद तलोकचंद ढाढा बिकानेर
१०००, श्री त्रिकमदासजी भेवरलालजी ,,
१०००, श्री मास्टर जेठमल मनरुपचन्द्रजी पाली
१०००, श्री गुलाबचंद चंदरकुमार कोचर बिकानेर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



१०००, श्री माणेकचंद ढागा सुरतगढ
१०००, श्री सरदारीलाल शेखरचंद मुरादाबाद
१०००, श्री निर्मळकुमार मुरादाबाद
१०००, श्री रामपाळ चढढा जलंधर
१०००, श्री कस्तुरीलाल वचनलाल जैन मालेलकोटडा पंजाब
१०००, श्री शीवचंद बिजलाल कोचार अम्रतसर
१०००, श्री फकीरचंद श्रीपाळ आग्रा
१०००, श्री बदरीदास शोभनलाल बरड लुधीयाना
१०००, श्री पुरणचांन्द्र श्रीपाळ बरड लुधीयाना
१००० श्री रक्षाबेन बालचंद शाह बोम्बे
१००० श्री गणेशमलजी वी. संघवी बोम्बे
१००० श्री बालचंद लालचद रांका (थाणा) भीवंडी
१००० श्री धरमचंद जैन पट्टीवाळा दिल्ही

# खाद्य संयम

भोजन का संयम और विवेक न हो तो न स्वाध्याय हो सकता है, न ध्यान, न सेवा हो सकती है, न कोई अन्य बडा काम । खाद्य संयम के बिना मानसिक एकाग्रता की कल्पना ही नहीं हो सकती । जहां तक मे सोच पाया हू, वैज्ञानिक लोगों को इसकी साधना विशेष रूप से करनी होती है ।

मनुष्य और पशु के बीच की एक भेदरेखा है विवेक । विवेक किसे कहा जाय ? भोजन के सम्बन्ध में रिसर्च की जाए तो संभव है मनुष्य की अपेक्षा पशु-पक्षी का विवेक अधिक जागृत मिले । पशु-पक्षी भूख होने पर ही भोजन करते हैं, जब कि मनुष्य पेट भरा होने पर भी स्वाद के लिए खाता रहता है । अनेक पशु और प्राय: सभी पक्षी रात को भोजन नहीं करते होंगे । क्योंकि वे प्राकृतिक जीवन जीते हैं । पर मनुष्य के लिए दिन-रात की कोई बाधा नहीं हैं ।

खाद्य संयम के सिद्धान्त को अनेक कोणों से समझा जाए, द्रव्य, क्षेत्र, काल और भाव के आधार पर समझा जाए तो भोजन संबंधी अनेक समस्याओं का समाधान हो सकता हैं । जैसे-जैसे समय बदल रहा हैं, खाद्य-संकट बढता जा रहा है । आज मनुष्य की सारी चिंता अर्थ पर केन्द्रित है । खाद्य पर मंडरानेवाले संकट से उसका कोई सरोकार नहीं हैं । वह जैसा भोजन कर रहा है, उससे उसके मन, स्वास्थ्य और व्यवहार पर कैसा प्रभाव हो रहा है, इन बातों को ध्यान में रखकर भोजन शैली को बदलने से ही समाधान का सूत्र हाथ लग पायेगा ।

—आचार्य श्री तुलसी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## થોડુંક મનનીય

સંગ્રાહક :-અનંતરાય જાદવજી શાહ

# Don't be upset

to be upset.... એટલે મનના શાંત સ્વસ્થ ભાવમાંથી ચલિત થવું. ક્રોધ, શોક, ભય. આકુલિનતા આદિ મનના શાંત ઉંડા ગંભીર પાણીમાં નિમિત્તના કાંકરાથી ઉદ્‌ભવતાં વમળો છે. કાંતો તેને ઉઠવાજ ન દો, તેટલી અજેય સ્થિરતા પ્રાપ્ત કરો અથવા ઉઠે તો તેને don't be upsetના મંત્રદ્વારા શમાવી દઈ સ્થિર ભાવ પ્રાપ્ત કરવાની ટેવ પાડો.

આના કેટલા બધા ફાયદા છે? આવેશમાં વેડફાતી શક્તિનો બચાવ. તેનાથી શરીરમાં ઉદ્‌ભવતી શારીરિક વ્યાધિઓ જેવી કે હાયપર-ટેન્શન ઈત્યાદિમાંથી છુટકારો. પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવાનો વિચાર સ્વસ્થ ચિત્તે વધારે સારી રીતે કરી શકાય છે. અને એનાથી માત્ર આપણું જ નહીં આપણા સાથીદારોનું જીવન પણ તણાવ રહીત પ્રસન્નતા અને ઉલ્લાસથી મહેંકતુ રહે છે upset થઈ જવાથી પરિસ્થિતિમાં કોઇ ફર્ક પડવાનો નથી. આ એક સાદી સીધી વાત સમજી લઈ મુશ્કેલ પરિસ્થિતિ કે કોઈ કટોકટી આવી જાય ત્યારે મનને કહો don't be upset calm-down and think that what should be done now અને પરિસ્થિતિ એવી હોય કે આપણા હાથમાં કશું ન હોય ત્યારે

બનનાર છે તે ફરનાર નથી અને
ફરનાર છે તે બનનાર નથી.

એ સિદ્ધાંતને યાદ કરી બધું નિયતિ ઉપર છોડી દો અને શાંતભાવે પરિણામોને સહન કરી લો.

દુનિયા કેમ ઉંધી વળી નથી જતી. હું upset નહીં જ થાઉં એવો નિર્ણય કરો. ચાવીનો ઝુડો ખોવાઈ ગયો? all right કાચના વાસણ તુટી ગયા? ઠીક છે. ધંધામાં કોઇની ભૂલથી નુકશાન થયું? ઠીક છે. એકસીડન્ટ થયો? રોવા કુટવાથી થયો ન થયો થવાનો નથી. તેનો ઉપાય કરો. ઇલાજ કરો. આપત્તિનું પણ આયુષ્ય હોય છે તે પુરૂં થાય ત્યાં સુધી સમતા રાખો અને પછી પાછું જીવન ઉલ્લસિત-પ્રસન્ન બનાવી દો. આમ કરવું શરૂઆતમાં અઘરૂં છે પણ અભ્યાસથી તેમ કરી શકાય છે અને તે પરમ ઉપકારી નિવડે છે....



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash Reg. No. GBV. 31



## જાગૃતિ.....

त्यक्त्वा प्रमादं कर्तव्यपरो न स्याज्जनो यदि ।
तदा सुखं किमाधारं परलोके लभेत सः ? ॥

卐

* માણુસ પ્રમાદને ત્યજી કર્તવ્યપરાયણુ ન બને તો પરલોકમાં તેને કયા આધાર પર–કઇ બાબત પર સુખ મળે ?

卐

* If a person does not abandon his negligence and does not become intent on his auspicious duties, whence will be attain hapiness in the next world ?

BOOK-POST

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર–૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only